અગ્રતા ક્રમાંક : ૧૭ પ્રશ્ન ક્ર: ૧૫/૪/૧૯૩૯

મુળ LAQ પૂછનાર માન.ધા.સ.શ્રી. – શ્રીમતી રિવાબા રવિન્દ્રસિંહ જાડેજા (જામનગર (ઉત્તર)

''જામનગર જિલ્લામાં ''ઇનસ્કુલ'' શાળાઓમાં ખેલાડીઓને તાલીમ''

પૂરક પ્રશ્ન પૂછનાર માન.ધારાસભ્યશ્રી:- શ્રીમતી રિવાબા રવિન્દ્રસિંહ જાડેજા (જામનગર (ઉત્તર)

**પૂરક પ્રશ્ન (૧):-** જામનગર જિલ્લામાં કાર્યરત જિલ્લા કક્ષા રમત સંકુલમાં હાલમાં જે સુવિધાઓ ઉપલબ્ધ છે તે ઉપરાંત સરકારશ્રી દ્વારા વધારે સુવિધાઓ ઉપલબ્ધ કરાવવાનું આયોજન છે કે કેમ ? જો હા, તો કઈ–કઈ રમતની સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવશે ?

જવાબ : - માન. અધ્યક્ષશ્રી,

હા,

- જામનગર જિલ્લામાં જિલ્લાકક્ષાનું રમત સંકુલ કાર્યરત છે. જે કુલ ૭ એકર એરીયામાં ફેલાયેલ છે. જેમાં નીચે મુજબની સુવિધાઓ ઉપલબ્ધ છે.

  (૧) ઇનડોર સ્વીમીંગ પુલ (ગુજરાતમાં એકમાત્ર ટેમ્પરેચર કન્ટ્રોલ સ્વીમીંગ પુલ)

  (૨) બાસ્કેટબોલ કોર્ટ કુલ રૂ.૫૯૨.૭૦ લાખના ખર્ચ નિર્માણ કરેલ છે.

  (૩) ક્રિકેટ ગ્રાઉન્ડ

  (૪) ૩૬ બેડની ક્ષમતા ધરાવતી ડોરમેટ્રી સાથેનું બિલ્ડીંગ

- તદ્દુપરાંત, જિલ્લાકક્ષાના રમત સંકુલના નિર્માણ માટે ૧૫ થી ૨૦ એકર જમીનની જરૂરિયાત હોય છે, જેથી જામનગરના ખેલાડીઓ અને નાગરિકોને વધુ રમતોની સારી સુવિધા પૂરી પડી શકાય તે માટે રાજ્ય સરકાર દ્વારા જામનગર ખાતે **૭ એકરમાં** કાર્યરત જિલ્લાકક્ષા રમત સંકુલ ઉપરાંત **૧૨ એકર જમીન** ફાળવવામાં આવેલ છે આમ કુલ **૧૯ એકરમાં** આગામી દિવસોમાં **રૂ. ૨૦.૭૬ કરોડ** ના ખર્ચે અધ્યતન સુવિધાવાળું રમત સંકુલ બનાવવામાં આવશે.

- જામનગર ખાતેના નવા રમત સંકુલમાં રાજ્ય સરકાર દ્વારા નીચે મુજબની સુવિધા ઉભી કરવામાં આવનાર છે.

  (૧) ઇન્ડોર મલ્ટીપર્પઝ હોલ,

  (૨) ૪૦૦ મીટર મડી એથ્લેટિક્સ ટ્રેક,

  (૩) ફૂટબોલ ગ્રાઉન્ડ,

(૪) વોલીબોલના બે આઉટડોર મેદાનો,

(૫) કબડ્ડીના બે મેદાનો,

(૬) ખો ખો રમતનું મેદાન,

(૭) ચાર સિન્થેટિક ટેનિસ કોર્ટ,

(૮) બે સિન્થેટિક બાસ્કેટબોલ કોર્ટ